શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત
સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

# પરજીયા પ્રકાશ

વર્ષ - ૫૧ | તા. ૧૫ જુલાઈ ૨૦૧૧ | અંક - ૭

## સંપાદકીય — સંસ્થા / સમાજ અને આપણે....

નાઈરોબી ખાતે ઓગષ્ટ ૨૦૧૦માં પટૃણી બ્રધરહુડના કાર્યક્રમમાં જુદા જુદા દેશ–વિદેશની સંસ્થાઓના પ્રતિનિધિઓ મળ્યા અને સર્વાનુમતે ડિસેમ્બર ૨૦૧૧ માં દ્વારકા ખાતે "વર્લ્ડ ફેડરેશન કોન્ફરન્સ" યોજવાનું નકકી થયું અને આજ સમયગાળામાં દ્વારકાની નવનિર્મિત વાડીનું ઉદ્‌ઘાટન , જામનગર મુકામે નવા એ.સી. હોલનું ઉદ્‌ઘાટન અને ૨૩માં સમુહલગ્નોત્સવની ઉજવણી આ બધા કાર્યક્રમો સાથે સાંકળી લઈ ડિસેમ્બરની તા.૧૬/૧૭/૧૮/૧૯ તારીખો માટે કાર્યક્રમ ઘડાઈ ચૂકયો છે. એક શુભ ઘડીએ પંચની સાક્ષીએ થયેલા નિર્ણયનું આ પરિણામ છે.

પટૃણી બ્રધરહુડ, નાઈરોબી તરફથી ભારત બહારની બધી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને દાતાઓનો સંપર્ક થઈ રહયો છે અને ઈન્ટરનેટ/મીડીયા દ્વારા આ કોન્ફરન્સ માટેની કામગીરી ખુબજ ઉત્સાહ સાથે ઝુંબેશ પૂર્વક ચાલુ થઈ ગઈ છે. પટૃણી બ્રધરહુડના જ શ્રી હિરેનભાઈ વાયાએ જાણીતી સોશ્યલ વેબસાઈટ Face book (ફેસ બુક) ઉપર આ અંગે ચર્ચા અને માહિતી પણ મુકી છે જેનો લાભ સૌ કોઈ લઈ શકે છે. તાજેતરમાં ફેસ બુક મુકાયેલ ચર્ચાના વિષયો આ પ્રમાણે છે.

ફેડરેશન

૧) શું આપણે સમાજની ખરેખર જરૂર છે ?
૨) સમાજ/જ્ઞાતિ શું છે ?
૩) સમાજ/જ્ઞાતિને કેવી રીતે વધુ સુંદર બનાવી શકાય ?
૪) સમાજ/જ્ઞાતિ માટે આપણે શું કરી શકીએ ?
૫) સમાજ/જ્ઞાતિ આપણા માટે શું કરી શકે ?
૬) આપણે સમાજ/જ્ઞાતિ/સંસ્થાઓથી અંતર શા માટે રાખીએ છીએ ?

સંકલ્પ
૨૦૧૧

આ બધા વિષયો આપણને સૌને સારી રીતે સ્પર્શે છે. વ્યકિત એ સમાજનું અંગ છે અને કંઈક સર્જનાત્મક કરવાની ભાવનાથી સમાજ કે સંસ્થાનું નિર્માણ થાય છે. હવે જો આવી સંસ્થા/સમાજ કે સંસ્કૃતિને વધુ સુદઢ બનાવવી હોય તો ઉપર જણાવેલા વિષયો પરત્વે આપણે મનોમંથન કરવું જ રહયું. સમાજના સુશિક્ષિત અને સમજદાર નાગરીકો આ વિષયો વિશે વિચારી પોતાના મંતવ્યો આપશે તો તેને પ્રગટ કરાશે અને સમાજ પાસે આ જાગૃતિની અપેક્ષા છે.

સમાજ કે સંસ્થા સાથે આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા હોઈએ છીએ તો સમાજ કે સંસ્થાની પ્રગતિ કે પ્રસંગમાં આપણે જોડાશું તો સમાજ કલ્યાણના કાર્યમાં આપણું પણ કાંઈક યોગદાન ગણાશે.

સંગઠન એ આજના સમયની માંગ છે. દરેક વર્ગના ચોકા અલગ હતા એ ભૂતકાળ બન્યો છે. આજે સૌ ફેડરેશનના બેનર નીચે સાથે બેસી સમાજના હિત વિશે વિચારતા થયા છે. એ બહુજ મોટી વાત છે. ભવિષ્યમાં હજી પણ ઘણી પ્રગતિ સાધી શકાશે અને એ રીતે સમાજના ઘણાં પ્રોજેક્ટ્સ હાથ લઈ શકાશે. સમાજના વ્યકિતથી લઈ સંસ્થાના હોદ્દેદારો/દાતાઓ સુધી આ સાંકળ જોડાશે ત્યારે ગ્લોબલ પટ્ટણીની એકતાના દર્શન થશે જે સમાજને જ લાભકર્તા છે.

પોઝીટીવ થીકીંગ (સકારાત્મક વિચારો) રાખી આપણે વિચારશું કે કાર્ય કરશું તો પરિણામ ચોકકસ મળશે. વ્યકિતનું ૬૦/૭૦ વર્ષનું જીવન કાળની ગણત્રીમાં ખુબજ ટુંકુ ગણાય. પણ પોઝીટીવ વિચારો કે કાર્યથી વ્યકિત મહાન બની જાય છે. વિદેશમાં રહી ભારતીય સંસ્કૃતિને જાળવતા અને સંગઠન પ્રત્યે ભાવ ધરાવતાં પટ્ટણી બ્રધરહુડની કમીટીએ ટીમવર્ક દ્વારા આ પ્રોજેકટને ઉપાડી લીધો છે. ફેડરેશનની સભ્ય સંસ્થા તરીકે સંગઠન પ્રત્યેનો આ ભાવ આપણને સૌને ભીંજવી દે તેવો છે.

અલબત્ત દ્વારકા અને જામનગર ખાતે પણ આ માટે તૈયારીઓ ચાલુ થઈ ચૂકી છે. દ્વારકાની વાડીનું બાંધકામ પુરૂ થઈ ગયું છે અને હવે ફીનીશીંગ અને ફર્નીચરનું કામ ચાલુ છે. સમાજને એક સંપૂર્ણ સારી સુવિધાની નમૂનેદાર વાડી પુરી પાડવાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. એજ રીતે જામનગર ખાતે બોર્ડીંગના વિદ્યાર્થીઓના રૂમ અને મહેમાનો માટેના રૂમો આધુનિક સુવિદ્યા સાથે તૈયાર થઈ ચૂકયા છે અને એ.સી. હોલનું બાંધકામ પણ શરૂ થવામાં જ છે. જામનગર સમાજની ઈમારતને સંપૂર્ણ આધુનિક ઓપ સાથે જ્ઞાતિને શોભે એવું નમૂનેદાર બિલ્ડીંગ તૈયાર કરવાની ઝુંબેશ ચાલુ છે.

આ બધા કાર્યક્રમોની સાથે સાથે લોક સંપર્ક/દાતાઓનો સંપર્ક, મીડીયામાં પ્રચાર/પ્રસાર અને સમાજ સાથે સતત સંપર્ક ચાલુ જ છે. ડીસેમ્બર ૨૦૧૧ના લક્ષ્યાંક સામે બધી બાજુએથી ટીમ કાર્ય કરી રહી છે. ત્યારે સમાજના દરેક જ્ઞાતિજનો પણ આ તકે જાગ્રત બની સમાજના કાર્યમાં હિસ્સેદાર બને અને સંસ્થા અને પોતાની જાતને જોડી મનોમન સંકલ્પ કરે કે હું સમાજનું અભિન્ન અંગ છું અને મારે આ કાર્યમાં જરૂરથી જોડાવું જ જોઈએ. સંકલ્પ થશે તો સિધ્ધિ અવશ્ય મળશે જ.

માં વાઘેશ્વરી સૌના સંકલ્પો પુરા કરે અને પટ્ટણી સોની સમાજને વધુ ઉંચા લક્ષ્યાંક લઈ જાય એવી પ્રાર્થના સાથે...

આગામી "વર્લ્ડ ફેડરેશન કોન્ફરન્સ" અખિલ ભારતીય પરજીયા સોની જ્ઞાતિ ફેડરેશન સંસ્થા દ્વારા શ્રી દ્વારિકા તિર્થસ્થાનમાં યોજાઈ રહેલ છે ત્યારે તે માટેની તમામ કામગીરીના ભાગ રૂપે આપણા સમાજની તમામ સંસ્થા તથા જ્ઞાતિ હિતેચ્છુઓએ સુચવેલ સુચનો, કાર્યક્રમો વિગેરે ની સમીક્ષા અત્રે પ્રસ્તુત છે. આપ પણ આપના પ્રતિભાવો, સુચનો, અમોને ટપાલ/પત્ર દ્વારા કે મેસેજ ઈન્ટરનેટના માધ્યમથી જરૂરી માર્ગદર્શન આપી શકો છો.

શું આપણે એક બીજાની સેવા કરવી જોઈએ કે ન કરવી જોઈએ ? ચાલો... ફેડરેશન કોન્ફરન્સ સૌરાષ્ટ્ર
કાઠીયાવાડમાં જયાં કાયમ ભગવાન શ્રીકૃષ્ણ બિરાજમાન છે તે દ્વારીકાપુરીમાં
*જય હો... જય જ્ઞાતિ મૈયા... જય હો...*



**અહેવાલ : કાંતિભાઈ ઘઘડા – ટ્રેઝરર**


**SHRI AKHIL BHARTIYA PARAJIYA SONI GNATI FEDERATION**
**શ્રી અખિલ ભારતીય પરજીયા સોની જ્ઞાતિ ફેડરેશન**
Email : sonifederation@gmail.com

**સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર સંચાલિત કોપર્સ ફંડો**

"*પરજીયા પ્રકાશ*" *નિભાવ ફંડ*

**શુભેચ્છા દાતા**

**શ્રી રતિલાલ બાઉભાઈ રાઠોડ પરિવાર (ઉનાવાળા) હાલ. યુ.એ.ઈ.**

---

*આર્થિક સહાય અને કેળવણી કોપર્સ ફંડ*

**મુખ્ય દાતાશ્રી**

**શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા – નાઈરોબી**
**શ્રી ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા – નાઈરોબી**
**શ્રી ભીમજીભાઈ જેઠાભાઈ વાયા – નાઈરોબી**

હસ્તે : શ્રી જીવનલાલ ઓધવજીભાઈ વાયા – નાઈરોબી

---

**આશ્રય દાતાશ્રી**

**સ્વ. શ્રી કાનજીભાઈ રણછોડભાઈ ઘઘડા અને સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ ઘઘડા**

હસ્તે શ્રી નટવરલાલ કાનજીભાઈ ઘઘડા – જામજોધપુરવાળા શારજાહ
શ્રી અશ્વિનકુમાર કાનજીભાઈ ઘઘડા– જામજોધપુરવાળા શારજાહ
શ્રી મનોજકુમાર કાનજીભાઈ ઘઘડા – જામજોધપુરવાળા શારજાહ

**સંપર્ક સેતુ :** શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ – જામનગર
નો આપ E mail થી પણ સંપર્ક કરી શકો છો.
સંસ્થાનું ઈ–મેઈલ એડ્રેસ : parajiyaprakash@yahoo.co.in છે.





શ્રી અખિલ ભારતીય પરજીયા સોની જ્ઞાતિ ફેડરેશન જામનગર
નો આપ E mail થી પણ સંપર્ક કરી શકો છો.
સંસ્થાનું ઈ–મેઈલ એડ્રેસ : sonifederation@gmail.com છે.

આપ સૌ કોઈ જ્ઞાતિજનો અભિનંદનના અધિકારી છો. શુભેચ્છા–સ્મૃતિ ભેટ સાથે છપાવી જ્ઞાતિ સંસ્થાને જુદા જુદા ફંડમાં દાન – ભેટ આપી આપ પણ ધન્યતા અનુભવી શકો છો.

## શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા "મેડીકલ સહાય ફંડ"

### મુખ્ય દાતા

**શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ**
**શ્રીમતી જયોત્સનાબેન મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ**
**શ્રી ભાસ્કરભાઈ મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ**
**શ્રીમતી રક્ષાબેન ભાસ્કરભાઈ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ**

### પ્રમુખ દાતા

**(૧) શ્રી કાંતિલાલ રણછોડદાસ સતિકુંવર તથા શ્રીમતિ ધીરજબેન કાંતિલાલ સતિકુંવર**
**એડનવાળા (હા. લંડન) તથા તેમની સુપુત્રીઓ**
**જયોત્સનાબેન (શ્રીલેખાબેન) કે. સોની તથા બીનાબેન કે. સોની**





જયોત્સનાબેન
(શ્રીલેખાબેન)કે.સોની



બીનાબેન કે. સોની

**(૨) ગં.સ્વ. વિજયાબેન નાથાલાલ જીવાભાઈ સાગર – મુંબઈ**



હા. શ્રી બીપીનભાઈ નાથાલાલ સાગર

*તથા*

શ્રી પ્રદિપભાઈ નાથાલાલ સાગર

### આશ્રય દાતા

**સ્વ. દુધીબેન દામજીભાઈ દેવજીભાઈ વાયા – નાઈરોબી**
હસ્તે : શ્રી કાનજીભાઈ દામજીભાઈ વાયા – નાઈરોબી

## સહાયક દાતા

**૧) સ્વ. શ્રી પ્રાગજીભાઈ કલ્યાણજીભાઈ ધાનક _તથા_**
**ગં.સ્વ. કંચનબેન પ્રાગજીભાઈ ધાનક લેસ્ટર (યુ.કે.)**

**૨) સ્વ. શ્રી જગજીવનભાઈ જેરામભાઈ ઘઘડા _તથા_**
**સ્વ.વિલાસબેન ચંદ્રકાન્ત જગજીવનભાઈ ઘઘડા ભાણવડવાળા (હાલ લંડન)**

**૩) સ્વ. દયાળજીભાઈ દેવરાજભાઈ ઘઘડા (વેરાડ વાળા) ના પુણ્ય સ્મરણાર્થે**
હ. શ્રી જયંતીલાલ(લંડન), શ્રી કિશોરચંદ્ર (રાજકોટ), શ્રી મહેન્દ્રકુમાર (જામનગર), શ્રી વિનોદરાય (જામનગર)

**૪) સ્વ. શ્રી વિરજીભાઈ જેરામભાઈ ઘઘડા પરિવાર**
હસ્તે : શ્રી કાલિદાસ વીરજીભાઈ ઘઘડા (નાગેશ્વર વાળા) મુંબઈ / શ્રી ભગવાનજી મોરારજી ઘઘડા (ટુપણીવાળા) દ્વારકા

**૫) સ્વ. દામજીભાઈ તુલસીદાસ થડેશ્વર _તથા_ સ્વ. મુકતાબેન દામજીભાઈ થડેશ્વર – જામનગર વાળા (હાલ મુંબઈ)**
હસ્તે : શ્રી પ્રવિણભાઈ દામજીભાઈ થડેશ્વર – મુંબઈ તથા શ્રી યસવંતભાઈ દામજીભાઈ થડેશ્વર – મુંબઈ

**૬) સ્વ. ભગવાનજીભાઈ તુલસીદાસ થડેશ્વર _તથા_ સ્વ. કાંતાબેન ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) જામનગરવાળા હાલ લંડન**
હસ્તે : શ્રી નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) – લંડન

**૭) ગં.સ્વ. શાંતાબેન ભગવાનજીભાઈ સાગર (નાંદરખી) હાલ લંડન**
હસ્તે : શ્રી પ્રવિણભાઈ ભગવાનજીભાઈ સાગર – લંડન

**૮) શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)** હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

## શુભેચ્છક દાતા

**(૧) શ્રી રમણીકલાલ ગોરધનદાસ વાયા – રાણાવાવ**

**(૨) શ્રી ખીમજીભાઈ ઠાકરશીભાઈ ધાનકના સ્મરણાર્થે**
હસ્તે : હસમુખભાઈ ખીમજીભાઈ ધાનક – જામખંભાળીયા (કુવૈત)

**(૩) શ્રી પ્રભુદાસ લખુભાઈ ચોકસી – વેરાવળ (શારજાહ)**

**(૪) સ્વ. શ્રી મોહનલાલ નથુભાઈ પટ્ટણી _તથા_ સ્વ. શ્રી કંચનબેન મોહનલાલ પટ્ટણી (લેસ્ટર–યુ.કે.)**

**(૫) સ્વ. વૃજલાલ નાથાલાલ વાયા**
**હસ્તે : યોગેશભાઈ વૃજલાલ વાયા–જામનગર _તથા_ દિપુભાઈ વૃજલાલ વાયા – રાજકોટ**

**(૬) સ્વ. શ્રી ગોકુલદાસ જમનાદાસ સુરૂ (દાઠાવાળા) મુંબઈ – શારજાહ**
હસ્તે : ગં.સ્વ. શાતાબેન ગોકુલદાસ સુરૂ _તથા_
શ્રી અશોકકુમાર ગોકુલદાસ સુરૂ, શ્રી પરેશકુમાર ગોકુલદાસ સુરૂ

**(૭) સ્વ. અમૃતલાલ વલ્લભદાસ વાયા – દુબઈ (ભીંડાવાળા)**
હ. શ્રી મનોજભાઈ, શ્રી મુકુન્દભાઈ, શ્રી ચેતનભાઈ, શ્રી ભાવેશભાઈ

**(૮) શ્રી હેમરાજભાઈ દેવકરણભાઈ વાયા (વિંઝલ પર વાળા) કલબા–શારજાહ**

**(૯) શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)**
હસ્તે : શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા _તથા_ શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

**(૧૦) શ્રીમતિ લાભુબેન નાથાલાલભાઈ ઘઘડા – લંડન, (દ્વારકા વાળા)**

**(૧૧) સ્વ. મગનલાલ ઓધવજીભાઈ વાયા – નાંદુરી, (જામનગર)**

**(૧૨) સ્વ. મગનલાલ મેઘજી ધાણક અને સ્વ. મણીબેન મગનલાલ ધાણક – જેતપુર**
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મગનલાલ ધાણક – લંડન

## કન્યા કેળવણી ફંડના મુખ્ય દાતા

**સ્વ. કેશવલાલ મામૈયાભાઈ ચલ્લા તથા સ્વ. જમનાબેન કેશવલાલ ચલ્લા (સરસીયા વાળા)**

## કન્યા કેળવણી શુભેચ્છક દાતા

**શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)** હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા



## તંત્રી સ્થાનેથી.



### "આજના વિકસતા સમયમાં "*નમે તે સૌને ગમે*"
### આ પંકિતને સાર્થક રૂપ આપવુ સૌને માટે કેટલું જરૂરી છે...!!!

સર્જનહારની આ અદ્‌ભૂત સૃષ્ટિમાં "નમે તે સૌને ગમે" તે પંકિત ચરિતાર્થ થતી જોવા મળી રહે છે. જેનામાં નમ્રતાનો દૈવી ગુણ હોય તે ગમે તેવા મોટા કાર્યો પણ સરળતાથી કરી શકે છે. વિકટ પરિસ્થિતિમાંથી પણ માર્ગ કાઢે છે. કપરાં સંજોગોમાં પણ ટકી શકે છે. આભ જેવડી ઉપાધિ સામે પણ સરળતાથી જઝુમી શકે છે, નમ્રતા એ દરેક માનવનો મહાન સદ્‌ગુણ છે.

પ્રચંડ પુર સામે નતમસ્તકે ઝુકી જતા નેતરના વૃક્ષો આપણને સૌને નમ્રતાનો બોધપાઠ આપે છે. તોતિંગ વૃક્ષોને પણ તાણીજતુ ઘોડાપુર નેતરનો વાળ પણ વાંકો નથી કરી શકતુ. સુસવાટા મારતો પવન ઉતંગ શિખરો ને આંખના પલકારામાં જમીન દોસ્ત કરી નાંખે છે. પરંતુ નેતરના વૃક્ષો આગળ નિઃસહાય બની જાય છે, કારણ કે નેતરમાં નમ્રતાનો ગુણ રહેલો છે. ઉન્નત ઉદંડ થઈને ઉભેલા તાડના વૃક્ષો ઘડીના છઠ્ઠા ભાગમાં હતા ન હતા થઈ જાય છે. તેનું ઉંડાણમાં મનોમંથન કરતા આપણને જણાશે કે તે કદી કોઈને નમવાનું શિખતા જ નથી ત્યારે નાનકડો નેતરનો છોડ કપરાકાળમાં પણ અસ્તિવ ટકાવી રાખે છે. તેનું મુખ્યત્વે કારણ તેનામાં રહેલ નમ્રતાનો ગુણ છે. સ્થાવર સૃષ્ટિમાં પણ જો નમ્રતાના ગુણની આટલી આવશ્યકતા હોય તો પછી જંગમ સૃષ્ટિમાં નમ્રતાના ગુણની કેટલી આવશયકતા હશે ? તે કલ્પી શકાય તેવું છે. જો જડ વૃક્ષો પણ નમ્રતાના પાઠ શિખ્યા હોય તો પછી આપણે તો વૃક્ષ જેવા જડ નથી ને ? પરંતુ વિધિની વક્રતા જ એ છે કે આપણે નમ્રતાને નેવે ચડાવી દીધી છે. નમ્રતા વિનાનો મનુષ્ય પશુથી પણ વધુ ખરાબ છે, કારણ કે પશુ તો બિચારા અજ્ઞાની અને પરાધીન છે. ત્યારે આપણને તો ઈશ્વરે સદ્‌બુધ્ધી અને સ્વતંત્રતા બન્ને આપેલ છે. છતાં આપણે આપણી ઉધ્ધતાઈમાંથી ઉંચા આવતા નથી. આના પરિણામે નમ્રતા રૂપી સઢ વિનાની જીવન નૌકા કયારે ભાંગીને ભુકો થઈ જશે તે કાંઈ નકકી કહી શકાય નહીં.

જીવનમાં જો આ નમ્રતારૂપી ગુણનો ઉપયોગ કરતા આવડે તો એ એક અમુલ્ય જડીબુટ્ટી છે. ક્રોધનો ગમે તેવો ભયંકર એટેક આવેલ હોય, પણ જો તેને નમ્રતા–વિનયની એક જ ગોળી પાઈ દઈએ તો તે તરત જ સમી જશે. ક્રોધની ભયંકર જવાળાઓને નમ્રતા–વિનયના નિર ક્ષણવારમાં જ શાંત કરી દે છે. આ છે નમ્રતાનો પ્રબળ પ્રભાવ ! વર્ષોથી કે અનાદિકાળથી ચાલ્યા આવતા વેર–ઝેર રૂપી દુગર્ણોને પણ નમ્રતાના નિર્મળ નીર ધોઈ નાંખે છે. જીવનમાં આપણે સૌએ જો સુખી થવુ હોય તો નમ્રતા રૂપી ઔષધનો ડોઝ લેવાથી જીવનમાં સુખ, શાંતિને સમૃધ્ધિ મેળવી શકાય છે. નમ્રતા વિહોણા માનવીનું વહેલુ મોડુ તાડના વૃક્ષ જેવુ જ થશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી.

**– તંત્રી શ્રી,**
**શિરીષ ઘઘડા**

# રત્નકણિકા

"પોઝીટીવ થિંકિંગને આપણે એટલુ પ્રબળ બનાવીએ અને મજબુત કરીયે કે જીંદગી ગરીબડી, બિચારી, કે દુઃખદ ન લાગે. ઈશ્વર આપણી જીંદગીનો બેસ્ટ પ્લાનર છે. ઈશ્વરે આપણા સૌના માટે વધુ સારી કે બેસ્ટ જીંદગી આપવા માટે આ પરિસ્થિતિ આપી છે."

*"ઈશ્વર બધુ જ જોવે છે. આપણે પણ ઈશ્વરને આધીન છીએ, બીજી વાત ખાસ યાદ રાખીયે કે હંમેશા ઈશ્વરને દુઃખના સમયમાં નહી પણ સુખના સમયમાં પણ યાદ કરતા રહીએ. દિલમાંથી કે અંતઃકરણ માંથી નીકળેલી પ્રાર્થના એ જરૂર સાંભળે છે."*

ઉચ્ચ કુળનો મનુષ્ય પણ જો સંસ્કાર, શીલ અને સહનશકિત વગરનો હોય તો તે પણ સુંગધ વગરના ફુલ જેવો જ છે. પછી ભલે તે પોતાને હોશિયાર માનતો હોય પરંતુ તે વ્યર્થ જ છે.

*જે ઘરમાં આવતા મહેમાનોનો આદર સત્કાર થતો હોય, ઈશ્વરનું સ્મરણ પૂજન થતુ હોય, સ્વચ્છ પાણી અને ગરમાગરમ ભોજન ખવડાવવાની તત્પરતા હોય તેવા ઘરમાં રહેનાર વ્યકિત સદાને માટે દિવ્ય સુખની અનુભુતિ કરે છે.*

હંમેશા જે વ્યકિત પોતાના જીવન દરમ્યાન કોઈપણ વ્યકિત, ભાઈ, સંબંધીઓ તેમજ વ્યવહારિક બાબતોમાં કે સામાજીક સંબંધોમાં માત્ર ને માત્ર પૈસામાં જ પોતાનું હિત સમાયેલ છે. એવુ સમજતો હોય તે પોતાના જીવનમાં કયારેય પણ પ્રગતિના સોપાન સર કરી શકતો નથી. અને સદાયને માટે પૈસા પાછળ પોતાનુ જીવન વ્યતિત કરતો હોય છે તે પણ સાહજીક બાબત છે.

*આ જગતમાં જો ગુણ ગ્રાહી એટલે કે સદ્ગુણને ગ્રહણ કરનાર માણસો ન હોય તો ગુણવાન માણસો દુઃખી થાય છે, જેમકે પાણી ભરેલ ઘડો ગુણવારો (દોરડે બાંધેલો) હોય તો પણ જો ગુણગ્રાહી એટલે કે દોરડું ખેંચનાર ન હોય તો કુવામાં ડુબી જાય છે.*

સંકલન કર્તા – મયુર એસ. ઘઘડા
એફ. વાય. બી.કોમ (ઈંગ્લીશ મીડીયમ)
જામનગર.

**'પરજીયા પ્રકાશ' માસીક અંક - જાહેરાત ના દર**

| પેઈઝ/સાઈઝ | માસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|
| અંદરનું આખુ પેઈઝ | ૩૦૦/– | ૧,૫૦૦/– | ૩,૦૦૦/– |
| અંદરનું અરધુ પેઈઝ | ૧૫૦/– | ૭૫૦/– | ૧,૫૦૦/– |
| કવર પેઈઝ ૨–૩ (અંદર) | –– | –– | ૫,૦૦૦/– |
| કવર પેઈઝ – ૪ (૭૫ % સાઈઝમાં) | –– | –– | ૭,૦૦૦/– |

**SHRI AKHIL BHARTIYA PARAJIYA SONI GNATI FEDERATION**
Email : sonifederation@gmail.com

## શ્રી અખિલ ભારતીય પરજીયા સોની જ્ઞાતિ ફેડરેશનની
## કારોબારી કમીટી મીટીંગ શ્રી મોહનભાઈ હોલ – રાજકોટ માં

તા.૨૪/૪/૨૦૧૧નારોજ ફેડરેશનની કારોબારી કમીટીની મીટીંગ શ્રી મોહનભાઈ હોલ ખાતે મળશે. આ મીટીંગમાં ડિસેમ્બર ૨૦૧૧ના દ્વારકા ખાતે યોજાનાર વર્લ્ડ ફેડરેશન કોન્ફરન્સના આયોજન અને વ્યવસ્થા, કાર્ય સોંપણી વિગેરે અંગે વિચારણા થશે.

આ પહેલા જામનગર મુકામે તા.૧૯/૧૧/૨૦10 અને દ્વારકા મુકામે તા.૨૪/૪/૨૦૧૧નારોજ મીટીંગ યોજાયેલી જેમાં ફેડરેશનની વર્લ્ડ કોન્ફરન્સ માટેની તારીખની જાહેરાત અને સ્થળ પરની વ્યવસ્થા વિશે વિચારણા થયેલ હતી.

સંગઠન પ્રત્યેની કાર્યકરોની જાગ્રૃતિ અને દેશ વિદેશમાંથી સંગઠન પ્રત્યેનો લગાવ/ઉત્સાહ જોતાં હવે પછીની દરેક મીટીંગો રસપ્રદ અને મહત્વની બની રહેશે. તો ચાલો આપણે સૌ સાથે મળીને સેવા–સહકાર–સંપ સાંકળ વડે આપણા સમાજની વધુ સારી પ્રગતિ કરીએ. અને સાચા અર્થમાં સંસ્થા–ફેડરેશન ના ધ્યેયને સાકાર કરીએ. સેવાના આ મહાન યજ્ઞમાં જ્ઞાતિ સમાજના નાના મોટા તમામ વ્યકિતઓ સહયોગ આપી સફળ બનાવયે જય હો જ્ઞાતિ મૈયા... જય હો "મા વાઘેશ્વરી"... જય માતાજી...

---

## પરજીયાનો પારસ વડલો ?
## પરજીયા સોની જ્ઞાતિના ઈતિહાસમાં ઉમેરાશે વધુ એક મોરપિંછ...

શ્રી સમસ્ત પરજીયા પટૃણી સોની જ્ઞાતિ મંડળ મીરા–ભાયંદર સંસ્થા બળવત્તર સમાજ અને સંસ્થાના નિર્માણમાં યોગદાન આપે છે. કલ્પનાથી સફળતા સુધી મધ્યમ વર્ગની વિકાસ ઉન્નતિ, પ્રગતિ માટે તમારા સપનાને સાકાર કરવા અને તમારા વિચારોને સાકાર કરવા સર્વ શકિતમાન છે. સામાજીક, સંસ્થાકીય, અને ધાર્મિક રચનાત્મક કામમાં વધારે ઠરેલ વ્યકિતની આવશ્યકતા છે એમાં વિવેક અને અનુભવની જરૂર છે.

સૌરાષ્ટ્ર કચ્છ કાઠિયાવાડની ધીંગી ધરાના ખમીરવંતા પરજીયા સોનીના ગામડાના દુઃખ જેણે જોયા નથી તેમને ખરા દુઃખનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. આશા રાખીએ કે સમાજનાં મધ્યમ અને નબળા વર્ગોની સેવા થકી ઉજળી બનેલી મહામંડળીઓ, સોની વંડીઓ, સંસ્થાઓ આ બદલાવ લાવી શકશે...!

"નૈતિકતા" સદ્ભાવ, સદ્વર્તન અને સદ્ વ્યવહાર, પારદર્શક પરિપક્વતા, પ્રમાણીકતા, શુભ નિષ્ઠા, કઠોર પરિશ્રમ, નવી દિશા, પ્રચંડ પુરૂષાર્થ, દયા તથા પ્રેમ કરૂણા.. !

સુવર્ણકાર સમાજ ઉત્કર્ષ, માનવ કલ્યાણ, મૈત્રી, સર્વજનો સુખી થાઓ, સૌ કોઈ નિરોગી રહો, સૌનું કલ્યાણ થાઓ, કોઈની રેખા ભુંસ્યા વગર સ્વયં રેખા મોટી થાય અને કોઈ પણ વ્યકિત દુઃખી ન રહે. જરૂર છે આપની ઉપસ્થિતીની અને આપના ઔદાર્ય પૂર્વક સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે. – અસ્તુ.



**આર. વી. લુહાર – જીરાવાળા**
મીરા–ભાયંદર

## શ્રી પરજીયા સોની જ્ઞાતિ વાડી, સાવરકુંડલા.

શ્રી સાવરકુંડલા પરજીયા સોની જ્ઞાતિ યુવક મંડળ તેમજ ટ્રસ્ટી મંડળ વતી, બાલમંદિરથી કોલેજ કક્ષા સુધીના દરેક વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલબોકસ, કંપાસ, પુસ્તકોનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ પરજીયા સોની જ્ઞાતિ વાડી સાવરકુંડલા મુકામે તા.૧૨/૬/૧૧ ને રવિવાર નારોજ સવારે ૯ થી ૧૨ા દરમ્યાન દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને વિતરણ કરવામાં આવેલ. જેમાં ૧૨૦ નાના ભુલકાથી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં યુવક મંડળ તેમજ ટ્રસ્ટી મંડળે જહેમત ઉઠાવી કાર્યક્રમને ખૂબજ ઉત્સાહિત અને પ્રોત્સાહિત બનાવેલ. તેમજ દરેક વિદ્યાર્થીઓએ હોશ પૂર્વક ભાગ લીધેલ.

**વસ્તુ ભેટના દાતાશ્રીઓની નામાવલી.**

૧. (નોટબુક) સ્વ. શારદાબેન રમણીકભાઈ કાનજીભાઈ ધકાણ –ચરખાવાળા, હાલ અમદાવાદ, હસ્તે : ભૂપતભાઈ ધકાણ

૨. (પાઠય પુસ્તક) : ભરતભાઈ કાનજીભાઈ ધોરડા –પીઠવડીવાળા હાલ સાવરકુંડલા તરફથી

૩. (પેન્સિલ) : ભગવાનભાઈ વિસામણભાઈ સાગર – ડેડકડી તરફથી હસ્તે : રમેશભાઈ સાગર

૪. (કંપાસ બોકસ) : સાવરકુંડલા યુવક મંડળ તરફથી



ઉપર મુજબના ફંકશનમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ તેમજ આનંદપૂર્વક કાર્યક્રમને માણ્યો અને શાંતિપૂર્ણ બપોરે કાર્યક્રમ પૂરો થયો અને બપોરે સહું છુટા પડેલ.

<u>નોંધ</u> : સાવરકુંડલા તાલુકાનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ તા.૧૪/૮/૧૧ને રવિવારે રાખેલ છે. જે વિદ્યાર્થી મિત્રોના રીઝલ્ટ બાકી હોય તેમણે પરજીયા સોની જ્ઞાતિ વાડી સાવરકુંડલા પહોંચાડવા. રીઝલ્ટની ઝેરોક્ષ પહોંચાડવાની છેલ્લી તા.૧/૮/૧૧ છે.

લી.પરજીયા સોની જ્ઞાતિ યુવા ગ્રુપ સાવરકુંડલા વતી
શ્રી પ્રવિણભાઈ થડેશ્વર(હિપાવડલી)

---



## 卐 જ્ઞાતિ ગૌરવ 卐

*આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓનું અભ્યાસ કરતા ઉચ્ચ સિધ્ધી હાંસલ કરી.*

કોડીનારવાળા, શ્રી નિલેષભાઈ નાનુભાઈ સાગરના સુપુત્રી તથા સુપુત્ર બન્ને સંતાનોએ અભ્યાસ સારી સિધ્ધિ મેળવતા સંસ્થા વતી શુભેચ્છા સાથે અભિનંદન

**ચિ. સ્વીટી નિલેષભાઈ સાગર** ધો. ૬ ઈંગ્લીંશ મીડીયમમાં ૯૩.૭૫ % માર્ચ ૨૦૧૧માં ઉર્તીણ થયેલ છે. *તથા*



**ચિ. પ્રિત નિલેષભાઈ સાગર**
ધો. કે.જી ઈંગ્લીંશ મીડીયમમાં ૯૯ % સાથે
માર્ચ ૨૦૧૧ ઉર્તીણ થયેલ છે.

સંકલિત...

## સમૂહ લગ્નમાં દાન કેટલું યોગ્ય ગણાય ?

અત્યારના સમયમાં સમૂહલગ્ન એક સારી વાત છે. સમૂહલગ્ન કડવા પાટીદાર સમાજમાં ચાલુ કરેલ છે. સમૂહલગ્ન એ પ્રશંસાની વાત છે. જે લોકો આર્થિક સધ્ધર થાય છે, ધંધો–નોકરી સારા છે. તેઓ સમૂહલગ્નમાં સમાજમાં દાન આપે છે. ગામડાનાં લોકો સમૂહલગ્નનો લાભ વધુ લે છે. આજ રીતે દાન આપનાર વ્યકિતઓ પોતાને ત્યાં કામ કરતાં કર્મચારીઓને તેમના ફેમિલીના ખર્ચ જેટલો પણ પગાર સંતોષકારક આપતાં નથી. જેઓની જવાબદારી તેમને ત્યાં કામ કરનાર કર્મચારીના કુટુંબનું ભરણપોષણ થાય તેટલો પગાર આપવાની છે. જો આમ થાય તો સોનામાં સુગંધ ભળી જાય.



## સમૂહલગ્નોનું આજના સમયમાં સમાજ સેવાનું યોગ્ય સૂચક પગલું



જેના વડે સમાજની ગરીબી–બેકારી નિવારક અને દિવ્ય સંબંધોના સંસ્થાપક નું કાર્ય થાય છે, અને સમૂહલગ્નોથી જ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર દ્વારા સેવા–સહકાર–સમર્પણ નું સમીકરણ રચાય છે. જેનો સુંદર સારો સરળ સદ્‌ઉપયોગથી ફળસ્વરૂપે સાચા અર્થમાં સેવા ખિલે છે.

'લગ્ન' એ શબ્દ સંસ્કૃતના 'લગ્‌' પરથી ઉતરી આવેલ છે. તેનો અર્થ એ થાય કે લગ્ન એ બે આત્માનું જોડાણ છે. લગ્નમાં ચાર ફેરાનું અસાધારણ મહત્વ છે. આ ચાર ફેરા એટલે ચતુર્વિધ પુરૂષાર્થ – ધર્મ–અર્થ–કામ–મોક્ષ. તેમાં ચોથા ફેરામાં કન્યા આગળ હોય છે અને વર તેની પાછળ હોય છે. તેનો અર્થ એ થયો કે પત્નીની મદદથી જ પતિ ધર્મમય અર્થ અને કામનાની પ્રાપ્તિ કરી છેવટે મોક્ષ મેળવે છે. આમ લગ્નનું આગવું અધ્યાત્મ કે ધર્મશાસ્ત્ર છે. લગ્ન દ્વારા જ ગૃહસ્થાશ્રમ વ્યવસ્થા ચાલે છે. પતિ–પત્ની દિવ્ય અને ધર્મમય ગૃહસ્થાશ્રમની સાથે ભગવાનનું સતત અનુસંધાન રાખે તો ભગવાનને પણ આવા દિવ્ય ગૃહસ્થાશ્રમીને ત્યાં પ્રગટ થવાની ઈચ્છા થાય છે. વસુદેવ–દેવકીનો ગૃહસ્થાશ્રમ અતિશય દિવ્ય છે. તેઓ કંસના કેદખાનામાં પણ દિનરાત ભગવાનનું ભજન કરે છે તો ભગવાન તેમને ત્યાં શ્રીકૃષ્ણ સ્વરૂપે અવતરિત થયા.

દશરથ અને કૌશલ્યાનો ગૃહસ્થાશ્રમ અતિશ્રેષ્ઠ હોવાથી ભગવાન તેઓને ત્યાં શ્રીરામ સ્વરૂપે પ્રગટ થયા. કર્દપઋષિ અને કપિલમૂનિ આશ્રમમાં રહીને ભગવાનને ભજે છે. તેથી તેમને ત્યાં ભગવાન કપિલ સ્વરૂપે પ્રગટ થયા. એ જ રીતે આશ્રમમાં જ અત્રિઋષિ અને અનસુયા માતાને ત્યાં સાક્ષાત્‌ ત્રિદેવ દત્તાત્રેય તરીકે પ્રગટ થયાં. ગૃહસ્થાશ્રમમાં એ પ્રચંડ ભકિત અને વિરકિતની અપાર શકિત છે કે જે પરમાત્માને પ્રગટ કરે છે. પણ ગૃહસ્થાશ્રમનો આધારસ્તંભ તો લગ્ન છે.

લગ્ન એ શ્રેષ્ઠ સામાજિક સંસ્થા છે. તેના આધારે જ કુટુંબ, નિતિ અને અન્ય સામાજીક સંસ્થાઓ ચાલે છે. લગ્નના કારણે જ સમાજ વ્યવસ્થાનું નિર્માણ થાય છે. લગ્ન સંસ્થા વિના સમાજની કલ્પના પણ ન કરી શકાય. લગ્ન વિનાના લોકોનો સમુહ એ 'સમાજ' નહીં પણ 'ટોળું' હસે જે અરાજક, હિંસક, અનિયંત્રિત હશે. સુગ્રથિત, સંકલિત અને સમન્વિત લગ્ન સંસ્થા દ્વારા જ વિકસિતતા, વિસ્તરિત, ગતિશીલ અને પ્રગતિશીલ સમાજ વ્યવસ્થાનું નિર્માણ થાય છે.

લગ્ન એ સાંસ્કૃતિક અને સામાજિક સંસ્થા હોવા ઉપરાંત તે એક આર્થિક સંસ્થા પણ છે. છેક પ્રાચીન સમયથી સ્ત્રી દ્વારા પોતાના કુટુંબના આર્થિક ઉપાર્જનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ ફાળો રહયો છે. આજે પણ ખેતી, પશુપાલન, માછીમારી, વનીકરણ, ગૃહ અને કુટીર ઉદ્યોગો, બાંધકામ, બધા વ્યવસાયોમાં સ્ત્રીઓની સારા એવા પ્રમાણમાં ભાગીદારી છે. કુટુંબ અને પતિને પૂરક આવક ઉપાર્જનમાં સ્ત્રીની અગત્યની ભૂમિકા છે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે લગ્ન એ કોઈ એક કુટુંબનો પ્રસંગ માત્ર નથી પણ લગ્ન એક મહાન સંસ્થા છે જેની આગળ ચર્ચા કરી તેમ આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજીક અને આર્થિક મહત્વ છે.

લગ્નનું સ્વરૂપ અને પધ્ધતિઓ કાળક્રમે બદલાતા રહયા છે. અગાઉ ગંધર્વ વિવાહ થતો. દુષ્યંત અને શકુંતલાના લગ્નની પધ્ધતિ આ સંદર્ભમાં વિશિષ્ટ હતી. જયારે કોઈ સ્ત્રી સશકિતકરણની કોઈ વાત થતી ન હતી કે તેના કાયદાઓ પણ ન હતાં ત્યારે સ્ત્રીને પોતાના પતિને પસંદ કરવાનો અધિકાર હતો. સ્વયંવર પ્રથામાં કન્યા સ્વયં વરની પસંદગી કરતી. દેવોની સાક્ષીએ લગ્ન થતાં હતાં. અગાઉ સાવ જુદા જ સ્વરૂપમાં અને સાવ જુદો જ સંદર્ભમાં સમુહ લગ્નો થતાં. જેમાં એક પતિ સાથે અનેક પત્નીઓ અને એક પત્ની સાથે એક કરતાં વધારે પતિ સાથેના લગ્નો હતાં. દ્રૌપદીએ પાંચ પાંડવો સાથે લગ્ન કરેલા. તો ભગવાન શ્રીકૃષ્ણએ કેદખાનામાંથી જેમને છોડાવી તેઓ ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત થઈ ચુકેલ તેવી હજારો કન્યાઓ સાથે લગ્ન કરેલ. પરંતુ પ્રથમ આદર્શ સમુહ લગ્ન એક જ કુટુંબમાં યોજાયેલ. જનકરાજાના જનકપુરમાં તેની ચાર પુત્રીઓના દશરથ રાજાના ચાર સંતાનો શ્રીરામ, શ્રીલક્ષ્મણ, શ્રી ભરત, શ્રી શત્રુઘ્ન સાથે થયેલ.

સ્વયંવરમાં સીતાજીએ રામને વરમાળા અર્પિત કરીને તેમના શ્રીરામ સાથે લગ્ન થયાં. ત્યારે શ્રીરામે જણાવેલ કે મારા ત્રણેય ભાઈઓની સાથે જ હું મોટો થયો છું. તો તેઓના લગ્ન પણ એકી સાથે જ થવા જોઈએ. જનકરાજાની અન્ય ત્રણ કન્યાઓના લગ્ન શ્રીરામનાં ત્રણેય ભાઈઓ સાથે થયેલ.

આજે સમાજમાં લગભગ બધી જ જ્ઞાતિઓ અને ધર્મોમાં સમૂહલગ્નનું પ્રચલન અને મહત્વ વધતું જાય છે. આ સમૂહલગ્નનું આગવું સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર છે. સમુહલગ્ન તેમાં ભાગ લેનાર વર–વધુ અને તેમના માતા–પિતા અને સગાઓનું સામાજિક મહત્વ વધારે છે. તેમાં વિશાળ પ્રમાણમાં મોટો સમૂહ એકત્રિત થાય છે તેથી નવા સામાજિક સબંધોના સેતુબંધનું નિર્માણ થાય છે. ગમે તેટલી ધનિક વ્યકિતના સંતાનોના લગ્નમાં જેટલાં મહાનુભાવો અને લોકો ઉપસ્થિત નથી હોતા તેટલી વિશાળ હાજરી સમુહલગ્નમાં હોય છે. દહેજ જેવા સામાજિક દુષણોની સમૂહલગ્નમાં આપો આપ નાબુદી થાય છે. સમાજના સંપન્ન લોકો, સંસ્થાઓ, મંદિરો, ટ્રસ્ટોને આવા પ્રસંગે પોતાની સામાજિક જવાબદારી નિભાવવાની તક મળે છે. સમુહ લગ્ન સામાજિક સમરસતા, સમાનતા અને ઐકયનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. તેમાં માત્ર સામાજિક સંસ્થાઓ જ નહીં પણ સાંસ્કૃતિક, આર્થિક, આધ્યાત્મિક, રાજકીય સંગઠનો પણ સહભાગી બને છે. સમૂહલગ્નના પ્રસંગમાં જ ઘણાં લગ્નો માટેની ભૂમિકા રચાય છે. ઝઘડતા કુટુંબો કે જૂથો વચ્ચે સમાધાન થાય છે. કૌટુંબિક, નિતીગત અને સામાજિક ઐકય અને સહકાર વધે છે અને આ બધા પરિબળો છેવટે સ્વસ્થ અને વિકસિત સમાજનું નિર્માણ કરે છે જે સમાજ દેશના અર્થકારણ, સંસ્કૃતિ, રાજકારણને નવી દિશા આપે છે. તો આ છે સમુહ લગ્નનું સમાજશાસ્ત્ર, હવે સમૂહલગ્નનું અર્થશાસ્ત્ર અંગે વાત કરીએ.

એવું સીધું વિધાન કરી શકાય કે ગરીબી નિવારણ, બેરોજગારી નિવારણ, દેવામુકિત અને જીવનધોરણમાં સુધારો કરવામાં સીધી કે આડકતરી રીતે સમૂહલગ્નોનું મોટું પ્રદાન છે. ગરીબો અને નિમ્ન મધ્યમ વર્ગના લોકોને પોતાની રીતે લગ્નપ્રસંગ આટોપવો હોય તો સમાજની પ્રણાલી પ્રમાણે થપાટો મારીને લોહી કાઢીને ગાલ લાલ રાખવા માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવા માટે દેવું કરવું પડે છે કે જમીન–મકાન વેચવા પડે છે. આથી ગરીબી રેખાની ઉપર રહેલ કુટુંબ માત્ર વૈયકિત ધોરણે થતાં લગ્નના કારણે જ ગરીબી રેખા નીચે આવી જાય છે. પોતાની દિકરીને કરિયાવરમાં ન આપી શકે તેટલી અને તેવી અનેકાનેક વસ્તુઓ દિકરીને કરિયાવરમાં મળે છે. સોના–ચાંદીના ઘરેણાં, વાસણો, ફર્નિચર, મોજશોખ અને સુખસગવડના સાધનો, ઈલેકટ્રોનીક ગૃહપ્રસાધનો સહીતની ઘણી જ વસ્તુઓ સમૂહ લગ્નમાં સમાજનાં શ્રેષ્ઠીઓ તરફથી મળે છે.

આમ સમૂહલગ્નમાં ઘણો જ ખર્ચ બચી જાય છે. આ રકમ પોતાના ધંધા–ઉદ્યોગોમાં પ્રયોજવામાં સરળતા રહે છે અને તેથી મૂડીરોકાણ, રોજગારી, ઉત્પાદન અને આવક તેમજ જીવનધોરણ વધે છે. સમૂહલગ્નમાં મળેલ વસ્તુઓને કારણે પણ કલાકોમાં જ જીવનધોરણ સુધરે છે.

સમૂહલગ્નમાં નાની ઉંમરે થતાં લગ્નોનું દુષણ પણ દૂર થાય છે. ૨૦૦૬–૨૦૦૭માં ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ફોર પોપ્યુલેશન સાયન્સના છ રાજયોના ૫૧૦૦૦ યુવાનોના અભ્યાસ પછી જણાવેલ કે ૪૯ ટકા છોકરીઓના લગ્ન ૧૮ વર્ષ પહેલાં થાય છે. મધ્યપ્રદેશમાં સમૂહલગ્ન માટે મુખ્યમંત્રી કન્યાદાન યોજના છે. ગત એપ્રિલમાં ૩૩૫ યુગલોના લગ્ન ઈન્દોરમાં થયેલ. ઉજ્જૈનમાં અખાત્રીજના દિવસે ૨૮૦ યુગલો લગ્નના બંધને સમૂહમાં બંધાયેલ. આ યોજના અંતર્ગત ગત વર્ષે ૩૪૦૦૦ છોકરીઓના લગ્ન થયેલ જે માટે રૂા.૪૨ કરોડનો ખર્ચ થયેલ. કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રની સરકારોએ સમૂહલગ્નનું આયોજન કરનાર સંસ્થા/આયોજકોને સહાય આપવાની જોગવાઈ કરી છે. જાન્યુઆરી, ૨૦૧૧માં સહારા ગ્રુપના દાનથી ભારત સ્વાભિમાન ટ્રસ્ટના (યોગ ગુરૂ–બાબા રામદેવજી) સહયોગ સાથે ૩૭૨૦ યુગલોના લગ્ન થયેલ. ગુજરાતમાં વ્યાપકપણે સમૂહ લગ્નોનું આયોજન થાય છે.

સૌજન્ય – ગુજરાત સમાચાર

---




*શ્રી પરજીયા પટ્ટણી સોની સેવા સમાજ ટ્રસ્ટ–સુરત તેમજ*
*શ્રી પરજીયા પટ્ટણી સોની સમાજ સમુહ લગ્ન સમિતિ– રાજકોટ દ્વારા આયોજીત*



# ૬ ઠ્ઠો સમુહ વિવાહ સંસ્કાર



રાજકોટને આંગણે આપણી જ્ઞાતિના સમૂહ વિવાહ સંસ્કારનું સુંદર આયોજન તા.૧૨–૨–૨૦૧૨ના રવિવારે કરવામાં આવેલ છે. તો આપણા સમાજના જ્ઞાતિજનોએ તેમના દિકરા દિકરીના લગ્ન માટે સમુહ લગ્નમાં જોડાવા અંગે નીચેના સરનામે સંપૂર્ણ માહિતી તેમજ ફોર્મ આપવામાં આવશે જેની સર્વે જ્ઞાતિજનોએ નોંધ લેવી.




શ્રી મોહનભાઈ હોલ, ધરમ સિનેમા સામે, રાજકોટ ફોનઃ ૦૨૮૧–૨૪૪૯૬૮૩
ભગવાન ભુવન વાડી, ૧૧, પંચનાથ પ્લોટ, રાજકોટ ફોન. : ૦૨૮૧–૨૨૨૭૬૨૬
રસિકભાઈ ધકાણ, પ્રમુખશ્રી, સુરત સમાજ મો. ૯૩૭૬૦૯૬૧૯૮
રજનીભાઈ ધકાણ મો. ૯૮૨૫૧ ૧૧૪૨૬

# શુભવિવાહ

જામનગર નિવાસી શ્રીમતિ મિનાબેન તથા અનિલભાઈ કરશનભાઈ ઘઘડાના સુપુત્ર **ચિ. રવિ** ના શુભ લગ્ન ધારી નિવાસી શ્રીમતિ પ્રભાબેન તથા કિશોરભાઈ દુર્લભજીભાઈ ધકાણની સુપુત્રી **ચિ. કાજલ** સાથે તા.૭/૬/૨૦૧૧ને મંગળવારનારોજ રાજકોટ મુકામે સંપન્ન થયા તે પ્રસંગે જામનગર સંસ્થાને ખુશી ભેટ રૂા.૧૧૧૧/- બન્ને પક્ષો તરફથી હસ્તે : અનિલભાઈ ઘઘડા

*(પ્રસંગની તસ્વીર અન્યત્ર છપાયેલ છે.)*

---

રૂા.૧૧૦૦/- શ્રીમતિ હંસાબેન ત્થા ભરતભાઈ દેવરાજભાઈ ચૌહાણ (ધોરડા)ના સુપુત્ર **ચિ. રોમિલ**ના *શુભ લગ્ન* અમરેલી નિવાસી શ્રીમતિ રીટાબેન ત્થા રાજુભાઈ વસાણીની સુપુત્રી **ચિ. ખુશ્બુ** સાથે તા.૨૦/૬/૧૧ના સોમવારે અમરેલી ખાતે યોજાયા તે પ્રસંગે ભેટ *(પ્રસંગની તસ્વીર અન્યત્ર છપાયેલ છે.)*

---

મોટા દેવળીયા વાળા સ્વ. સતીષભાઈ નાનાલાલભાઈ સતીકુંવરના સુપુત્ર **ચિ. હિરેન**ના *શુભ લગ્ન* મહુવા નિવાસી શ્રી જીતેન્દ્રભાઈ હિંમતભાઈ ધાણકની સુપુત્રી **ચિ. દેવિકા** સાથે તા.૫–૫–૨૦૧૧ ને ગુરૂવારે અમરેલી કિશાન ફાર્મ હાઉસ ખાતે યોજેલા તે પ્રસંગે ઘરધણી તરફથી ખુશીભેટ.

૫૦૧/–સ્વ. સતીષભાઈ નાનાલાલભાઈ સતીકુંવર –મોટા દેવળીયા

૨૦૧/– શ્રી જીતેન્દ્રભાઈ હિંમતભાઈ ધાણક –મહુવા

---

મોટા દેવળીયા વાળા સ્વ. સતીષભાઈ નાનાલાલભાઈ સતીકુંવરના સુપુત્ર **ચિ. શિરીષ** (S.B.I.)નું વેવિશાળ પટેલકા નિવાસી શ્રી જયંતિભાઈ વાલજીભાઈ સલ્લાની સુપુત્રી **ચિ. હિરલ** સાથે તા.૧૦–૫–૨૦૧૧ ના શુભદિને થયેલ તે પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

૨૫૧/– સ્વ. સતિષભાઈ નાનાલાલભાઈ સતીકુંવર

૧૦૧/– શ્રી જંયતિભાઈ વાલજીભાઈ સલ્લા

## *ખુશી ભેટ.*

૫૧/– શ્રી હસમુખરાય જેન્તીલાલ સતીકુંવર– મુ. સાવરકુંડલા હા. વિરાર મુંબઈ
*સંસ્થાની મુલાકાત લેતા ખુશી ભેટ.*

---

૫૧/– શ્રી ચંદુલાલ દેવાયતભાઈ સતીકુવર – ભાણવડ
સંસ્થાની મુલાકાત લેતા ખુશી ભેટ

---

(ગત અંક –૬ જુન,૨૦૧૧ના પાના નં.૧૮ ઉપર નીચે મુજબ સુધારીને વાંચવું )

રૂા.૧૧,૧૧૧/– ધારીવાળા, હાલ : જુનાગઢ નિવાસી શ્રી અનુભાઈ લખુભાઈ પટ્ટણી પરિવાર તરફથી દ્વારકા વાડીના નવનિર્માણમાં બિલ્ડીંગ ફંડમાં આપેલ છે.
હસ્તે : અલ્કેશભાઈ તથા કમલેશભાઈ.



એક યાદગાર કહાની.... ભૂલી બીછળી યાદે...

# એક અપ્રગટ સંસ્થાની વિદાય...

લેખક : – રામભાઈ થડેશ્વર

તા.૬–૬–૧૧ ના દિવસે સવારે....

જયંતિભાઈ જીવણભાઈ થડેશ્વર (ગરણીવાળા) ના બેસણામાં – ગોલ્ડન હોલમાં હું દાખલ થયો એ જ વખતે વીસેક જ્ઞાતિભાઈઓએ મારી સામે જોયું. એ વીસેયની આંખમાં અદષ્ય આંસુ દેખાયા. એ આંસુડા અદષ્ય હતા તો પછી મને દેખાયા કેવી રીતે ? એ વીસ જણાએ મારી સામે કેમ જોયું ?

જરાક માંડીને વાત કરવી પડે...

માતાજીની દયાથી આપણી જ્ઞાતિમાં એવા ઘણા મહાનુભાવો છે જેમણે જ્ઞાતિ માટે અસાધારણ કાર્યો કર્યા અને હજી કરી રહયા છે. આવા અનેક દાનવીરો અને કાર્યકરો વિશે ઝીણી ઝીણી વિશિષ્ટ માહિતી મેળવીને યોગ્ય સમયે એમને વિશે આપણા મુખપત્રોમાં લેખો લખવા જોઈએ જેથી બીજાઓને પણ પ્રેરણા મળે અને જ્ઞાતિ માટે કંઈક કરી છુટવાની ભાવના સતત જાગતી રહે.

અમદાવાદમાં પરજીયા સોની સેવા સમિતિ નામની આપણી સંસ્થાને સહુ ઓળખે છે. પણ આ ઉપરાંત બીજી બે અપ્રગટ સંસ્થાઓ પણ હતી. એક તો રમણીકલાલ કાનજીભાઈ ધકાણ અને બીજા જયંતિભાઈ જીવણભાઈ થડેશ્વર.

અપ્રગટ સંસ્થા એટલે કેવી સંસ્થા ? એવી સંસ્થા કે જેમાંથી સહાય મેળવવા માટે કોઈ અરજી કરવી ન પડે. ફોર્મ ભરવુ ન પડે. ઓળખાણની જરૂર ન પડે. કોઈ વિધિ નહિ. સહાય માગનારનું નામ કોઈ પૂછે નહિ. દલીલ કરવાની જરૂર ન પડે. કોઈપણ જાતની ફોર્માલીટી જ નહિ.

કોઈને પ્રશ્ન થાય કે કોઈ જાતની તપાસ વગર જ આટલી સરળતાથી સહેલાઈથી સહાય મળે કેવી રીતે ?

રમણીકભાઈ અને જયંતિભાઈએ પોતપોતાની રીતે અમદાવાદના ચાર કાર્યકરોને વિશાળ સત્તા આપી હતી. તપાસ અને ચકાસણીનું કામ આ ચાર ભાઈઓ કરે. જે ભાઈને સહાયની જરૂર હોય તે ભાઈ એક કે બે કાર્યકરને મળે. બધી વાત કરે. સચ્ચાઈ માટે જે જરૂરી હોય તે બધું પુરૂ પાડે. કાર્યકર પણ ૭૫ % પરિસ્થિતિ તો જાણતા હોય, એટલે વાત ગળે ઉતરતાં વાર ન લાગે. પછી તરત જ રમણીકભાઈને જયંતિભાઈને ફોન કરે કે એક જ્ઞાતિબંધુને આ કામ માટે આટલી સહાયની જરૂર છે. સામેથી તરત જ જવાબ મળે કે દુકાને આવી જાવ.

એ કાર્યકર દુકાને જાય કે તરત રૂપિયાનું બંડલ મળી જાય. કોઈ સવાલ નહિ. કોઈ શક નહિ.

ઘણીવાર અમદાવાદની અશાંત પરિસ્થિતિમાં રમણીકભાઈ અને જયંતિભાઈ ચિંતાતુર થઈ જાય. લાંબા તોફાનો, નવનિર્માણ જેવા લાંબા આંદોલનો કે ગોધરાકાંડ જેવી વિકટ પરિસ્થિતિમાં ઘરની બહાર પણ નીકળવામાં જોખમ હોય, શહેરમાં કર્ફયુ ઓર્ડર હોય, ટુંકી આવકવાળા જ્ઞાતિભાઈઓ મુંઝાઈને બેઠા હોય, રોજનું રોજ કરનારા આસપાસથી ઉધાર ઉછીના કરીને આઠ–દસ દિવસ તો કાઢે પછી શું કરે ?

આવા અસર ગ્રસ્ત જ્ઞાતિભાઈઓ કયા વિસ્તારમાં કેવા વિકટ સંજોગોનો સામનો કરતા હશે એની ખબર રમણીકભાઈ અને જયંતિભાઈને હોય જ એટલે ચિંતા કરે.

એ ભાઈઓને અનાજ, લોટ, તેલ, ચાહ, ખાંડ વગેરે પહોંચાવું હોય તો શહેરની અશાંત પરિસ્થિતિમાં રસ્તા પર નીકળી શકે એવું કર્ફયુની પરમીટ વાળું મોટું વાહન જોઈએ. આ બધી વ્યવસ્થા થઈ જાય. આ વાહન સાથે ૫૦ હજાર જેટલા રૂપિયા હોય. એક કાગળમાં લખ્યું હોય કે અનાજ, લોટ, તેલ, ચાહખાંડ વગેરે બાજુના પરામાંથી ખરીદીને પેલા જ્ઞાતિભાઈઓના ઘરે પહોંચાડો...

સુરજ આથમે તે પહેલાં રમણીકભાઈ અને જયંતિભાઈ ઉપર પેલા ચાર કાર્યકરોનો ફોન આવે કે, બધું પહોંચાડી દીધું... મહિના સુધી ફિકર કરશો નહિ.

કોને કોને પહોંચાડયું ? કેટલું પહોંચાડયું ? કેટલા રૂપિયાનો ખર્ચ થયો ? કાંઈ વધ્યા ? કોઈ સવાલ નહિ..કોઈ શક નહિ.

તા.૬–૬–૧૧ના દિવસે રાજપથ કલબના ગોલ્ડન હોલમાં સ્વ. જયંતીભાઈનું બેસણું હતું. છેલ્લે ભકત કવિ નરસિંહ મહેતાનું ભજન "વૈષ્ણવજન" ગવાયું : " વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે..."

આ સાંભળીને પેલા વીસેક જ્ઞાતિ બંધુઓની આંખમાં અદૃષ્ય આંસુઓ દેખાયા. એમણે મારી સામે જોયું.

કોઈ હતા એ ભાઈઓ ?

નરસિંહ મહેતાના સમયમાં ગરૂડે ચડીને ગિરધારી આવતા, કર્ફયુના પરમીટવાળી ગાડીમાં અનાજ–લોટ વગેરે જોઈને જે ભાઈઓ આશ્વાસન પામ્યા હતા તે જ હતા આ ભાઈઓ. એમની આંખમાં આંસુઓ અદષ્ય હતા છતાં હું જોઈ શકયો.

**– રામભાઈ થડેશ્વર**

# 卐 જ્ઞાતિ ગૌરવ 卐

*આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓનું અભ્યાસ કરતા ઉચ્ચ સિધ્ધી હાંસલ કરી.*



સતીકુંવર જીતેન્દ્રભાઈ ધનજીભાઈ મહુવા વાળા, હાલ સુરત, ના સુપુત્ર **ચિ. પ્રતિક** B.C.A ના છેલ્લા સેમીસ્ટરમાં ફર્સ્ટ ડીસ્ટીંકશન મેળવેલ છે. ત્થા આગળ અભ્યાસ માટે M.C.A. માં એડમીશન લેતા ખુશી ભેટ રૂા.૧૫૧/–
ચિ. પ્રતિકને ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવવા બદલ શુભેચ્છા સાથે અભિનંદન.



રૂા.૧૦૧/–જામનગર નિવાસી શ્રી શિરીષભાઈ બાબુલાલ ઘઘડા (તંત્રીશ્રી પરજીયા પ્રકાશ) ના સુપુત્ર **ચિ. મયુરકુમાર** ધોરણ–૧૨ ની માર્ચ ૨૦૧૧ માં લેવામાં આવેલ પરીક્ષામાં ૮૮.૩૬ પર્સનટાઈલ રેંક સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. તે બદલ ટ્રસ્ટી મંડળ ચિ. મયુર ને અભિનંદન પાઠવે છે.



માર્ચ–૨૦૧૦, ધોરણ ૨ માં (અંગ્રેજી માધ્યમ) અભ્યાસ કરતા ભાણેજ **કુ. આસ્થાબેન** મુકેશકુમાર કતિરા એ ૯૪.૮૩ % ટકા સાથે તેની સ્કૂલમાં બીજા નંબરે પાસ થતા શુભેચ્છા સાથે અભિનંદન... શ્રી કિશોભાઈ મકનજી વાયા પરિવાર – ભાટીયા, તરફથી જામનગર બોર્ડીંગને ખુશી ભેટ રૂા.૧૦૧/–



ધકાણ દિવ્યરાજ અલ્કેશભાઈ માર્ચ–૨૦૧૧માં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં ૯૨.૯૬ પર્સનટાઈલ રેંક મેળવી ઉર્તિણ થયા છે. આવી ઉચ્ચતમ સિધ્ધી બદલ ચિ. દિવ્યરાજને અભિનંદન સાથે શુભેચ્છા...



જસદણવાળા, સ્વ. શ્રી ધનજીભાઈ હરિભાઈ થડેશ્વરના સુપુત્ર કિશોરભાઈ ધનજીભાઈ થડેશ્વરના દિકરા **ચિ. હર્ષકુમાર** કિશોરભાઈ થડેશ્વર એ માર્ચ–૨૦૧૧માં લેવાયેલ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ૯૯.૧૨ પર્સનટાઈલ રેંક મેળવીને ઉર્તીણ થયા છે. આવી ઉજજવળ સિધ્ધી બદલ જ્ઞાતિ સમાજ ગૌરવ અનુભવે છે. ચિ. હર્ષકુમાર ને તેમના અભ્યાસની ઉચ્ચ સફળતા બદલ શુભેચ્છા સાથે અભિનંદન



ધાનક ભાર્ગવ નરોત્તમભાઈ જેઓ સિગ્મા પબ્લીક સ્કૂલ, ગામ:પીપલીયા, તા.રાણાવાવ જી. પોરબંદરમાં ધોરણ ૭માં ઉચ્ચતમ ૯૧.૬૩ % મેળવી અભ્યાસમાં સફળતા મેળવેલ છે. સફળતા બદલ શુભેચ્છા સાથે અભિનંદન



સતીકુંવર વિવેક જીતુભાઈ એ ધો.૫ માં ૭૬.૧૧ % મેળવી સફળતા હાંસલ કરેલ છે ચિ. વિવેકને શુભેચ્છા સાથે અભિનંદન

આપ બધા જાણો છો કે ૫૧,શકિત પીઠો માના એક એટલે જગત જનની માં હિંગળાજ, જેમનું મુળ મંદિર પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં, લાસબેલા જીલ્લામાં મકરાનમાં છે. આજે પાકિસ્તાનના વધતા જતા આંતકવાદ, ત્યાંની સરકારના વિજાની જંજટ ને આજના યુગમાં સમયની પાબંદીને કારણે ત્યાં જનારા કેટલા ? આઝાદી મળ્યાને ૬૫–૬૫ વર્ષના વાણાઓ વાય ગયા છતાં આપના પૂર્વજોએ આપને પાકિસ્તાનની ચુંગાલમાંથી છોડાવેલા નથી. જે આપણા પૂર્વજો નથી કરી શકયા એ આપણે સહિયારા પુરૂષાર્થથી કરી બતાવવાનું છે. આ મંદિરને ઝડપથી સૌરાષ્ટ્ર–ગુજરાતના ખ્યાતનામ મંદિરોની હરોળમાં મુકવાનું ભગીરથ કાર્ય કરવાનું છે.

આપને એમ પણ થશે કે હું નાનો માણસ આવા ભગીરથ કાર્યમાં શું મદદ કરી શકું ? આપ આપની જાતને નાની ન માનો. આપ સેંકડો ગ્રાહકો સાથે કાયમી અવિરત સંકળાયેલા છો. જે ગ્રાહકોમાં જ હિંગળાજને પુજક ભકત સમુદાયોમાં લોહારાણા, પરજીયા પટ્ટણી સોની, બ્રાહ્મણ, ભણશાળી, ગઢવી, બ્રહ્મક્ષત્રી, વાંજા, દરજી, વાણીયા, ભરવાડ, કોળી, કંસારા, કડવા પાટીદારોમાં કોટળીયા અને હિંગરાજીયા પરિવારો તથા લેવા પાટીદારોમાં કાપડીયા પરિવાર જેવા અનેક સમાજોમાં હિંગળાજના ઉપાસકો આપના ગ્રાહકો છે. તેઓના દ્વાર સુધી જગદંબાનો સંદેશો માના એક સંદેશા વાહક દુત તરીકેની ભૂમિકા ભજવીને પહોંચાડવાનો છે.

પ્રથમ તબ્બકે મે મોકલાવેલા સાહિત્યને અપ ટુ ડેટ સાચવવા માટે એક ફાઈલમાં સ્થાન આપજો. ત્યાર બાદ ઉપરોકત ભાવિકોમાંથી ભાવાત્મક વલણ ધરાવતા ચાર–પાંચ ભાવિકોને એમની કોપી આપી સવિસ્તાર વાંચન કરીને મનન કરવાનું કહો. અને આ સત્કાર્યમાં જો રૂચી જણાય તો તમોને મળવાનું કહો. એ ફરી મળે એટલે વાત વાતમાં જાણી લ્યો કે આવનાર ભાવિક માતાજીના સત્કાર્યનો સંદેશો અન્ય ભકત સમુદાય સુધી પહોંચાડવા માટે જરૂરી સાહિત્યની ઝેરોક્ષ કોપીઓ અથવા પેંપલેટોનું પ્રિન્ટેડ પોતાના વર્તુળના ભાવિકો દ્વારા છપાવીને અન્ય ભકત સમુદાયો સુધી પહોંચાડવાની રૂચી ધરાવે છે કે કેમ ? જો ન ધરાવતા હોય તો અન્યને તૈયાર કરવા, તાલુકા કક્ષાએ હિંગળાજ સમિતિની રચના કરવાનું માર્ગદર્શન આપવું. સાહિત્ય પહોંચતુ કરવામાં ત્યાં તમારા ન્યુઝ પેપરો દ્વારા સહકાર આપજો.

અને વાર્ષિક પુણ્ય તિથિ ઉજવવા માટે અમુક લોકો દેશી મહીના પ્રમાણે તીથીને પ્રાધાન્ય આપતા હોય છે. જયારે અમુક લોકો તારીખને પ્રાધાન્ય આપતા હોય છે. જેથી એઓની પસંદગી પ્રમાણેની તીથી કે તારીખે સ્વર્ગસ્થના ફોટા સાથે માસિક કે વાર્ષિક પૂણ્ય તિથી નિમીતે ની શ્રધ્ધાંજલી એડઝ મુકાવવા માટે આપની પાસે આવે ત્યારે તેમને પોતાના પરિવારના હાથે જ ટીમની બાળાને લાણી કરવાનું ધ્યાન દોરતી પ્રિન્ટની એક નકલ તમારા તરફથી આપીને સત્કાર્યના તમો પણ ભાગીદાર બનીને સાચા પથ દર્શક બનજો કારણ કે દરેક ભાવિકો તિથીના દિવસે જ દાન પુણ્ય

કરવામાં વધારે માનતા હોય છે. માટે એઓનું ધ્યાન દોરવા 'અવસાન સમયે દિલગીરી વ્યકત કરતા પત્રની નકલ અથવા ચૈત્રી નોરતાની તીથી નિમીતે દાન પૂણ્ય કરવાની સુવર્ણ તક. નું નિર્દેશન કરાવતી ઝેરોક્ષ કોપીઓ આપવી. આવા દાતાઓ માટે રાત્રી ભોજન અને ઉતારાની વ્યવસ્થા ટ્રસ્ટી મંડળ તરફથી ગોઠવાયેલ છે. એ અંગેનું પણ ધ્યાન દોરજો ધંધાકીય સ્વાર્થ સાથે આ પરમાર્થના ભગીરથ કાર્યના સહભાગી બનવાનું છે.

આપને એમ થશે કે આટલા બહોળા પ્રમાણમાં પ્રચાર શા માટે ? આમના જવાબ માટે આપણે ભૂતકાળ તરફ દષ્ટીપાત કરશું તો ખ્યાલ આવશે કે સાધુ સંતો પાસે ભાવિકોના ટુકડે–ટુકડે દાનના પ્રવાહો આવતા મોટા ભાગની ધાર્મિક જગ્યાના બાંધકામો દિપી ઉઠતા નથી. જયારે એમના સામેની તુલનાએ જૈન સંપ્રદાયોના તીર્થો કે પ્રમુખ સ્વામી જેવાના હાથે હાથ ધરાયેલા બાંધકામોના પ્રોજેકટો દિપી ઉઠે છે. જેથી હિંગળાજના તમામ ઉપાસકો સુધી ભકિત ભાવનો આ સંદેશો ઝડપથી પહોંચાડવા માટે તમારા જેવા તમામ ખબર પત્રીઓનો સાથ અને સહયોગ માંગેલો છે. તમારા સહયોગથી એક ઝડપથી ભાવાત્મક વાતાવરણ ઉભું થશે. જેના સહારે સંયુકત વિચાર ધારાથી આજના યુગમાં દિપી ઉઠે એવા આધુનિક બાંધકામો કરી શકશું. અન્ય પૌરાણીક મંદિરનાં બાંધકામોમાં આજે જોવા મળતી ક્ષતીઓને આ પ્રોજેકટ માંથી આપણે તિલાંજલી અપાવી શકશું.

આપને પણ ખ્યાલ આવ્યો હશે કે કાર્યનો પ્રોજેકટ હાથ ઉપર ધરાય તે પૂર્વે વહીવટી ટ્રસ્ટી મંડળમાં જાહેર પ્રસિધ્ધિ દ્વારા ભરતી કરનારૂ રાષ્ટ્ર લેવલે આ કદાચ પહેલું ટ્રસ્ટી મંડળ હશે. તો હવે અમોને તમારા તમામ ખબર–પત્રી ભાઈઓ ઉપર પૂર્ણ વિશ્વાસ છે કે આ કાર્ય કે ફરજ માત્ર અમારી નહીં પરંતુ આપણા બધાની છે. એવા ભાવ સાથે આપના તરફથી સાથ અને સહકાર મળતો રહેશે. આ બાબતે અમોને લેશ માત્ર શંકા નથી. તો હવે પૂર્ણ વિશ્વાસ સાથે વિરમું છું.

નોંધ : આપના પરિવારમાં દાંત–દાઢ નો અસહય દુઃખાવો જો કયારેય ઉપડે અને તે હલતો ન હોય તો મારા મોબાઈલ ઉપર સંપર્ક કરજો. ભગવતી કૃપાએ કોઈ જાતની દવા વગર ફકત પાંચ મીનીટમાં મટી જશે. જો માં હિંગળાજની કૃપા થશે તો ભકિતભાવે જગદંબાના સાનિધ્યમાં એક ભકિત મિલન ગોઠવશું. આ સમયે જરૂર આવજો. એટલે રૂબરૂ મળશું.

– પ્રમુખશ્રી પી. પી. ભાલોડીયા
શ્રી હિંગળાજ માતાજી મંદિર ટ્રસ્ટ – વેરાડ

## વાંચકોના પ્રતિભાવ

સંપાદકો ને શુભેચ્છા.....

પરજીયા પ્રકાશનો જુન–૨૦૧૧ અંક(૬) વાંચ્યો, ખુબ સરસ છે અને નેટ ઉપર પણ ખુબજ સરસ રીતે પ્રગટ થયેલ છે. 'ઈશ્વરનો લેખ' ખુબજ સુંદર અને મનનીય છે. 'કાનૂની જાણકારી' જેવા લેખોથી સ્ત્રીને રક્ષણ મળશે. પરજીયા પ્રકાશ દ્વારા દેશ વિદેશના સમાચારો અને લેખોથી માહિતી પણ મળે છે, અને જ્ઞાન પણ મળે છે. આ અંકમાં ફોટાઓ તથા છપાઈ–પ્રિન્ટીંગ ખુબજ સુંદર હતાં. આભાર અને શુભેચ્છા સાથે...

**લી. છાયા વાયા – મોમ્બાસા.**



## ભલા બનો ભલુ કરો...

જીંદગીને કોઈ પણ જાતની શર્ત વગર પ્રેમ કરો.



તમે નહીં ખર્ચેલા પૈસાના તમે ચોકીદાર માત્ર છો, માલીક નહીં. કયારેય સ્ત્રી નું મહત્વ ઓછું નહીં આંકતા. જીવન બરબાદ થઈ જશે. કુદરત નાં ફડાકા હવામાંથી લાગે છે દેખાતા નથી. માટે કોઈ પણ કામ કરતાં પહેલા સો વાર વિચાર કરજો. નહી તો ફડાકા ખાવાની તૈયારી રાખજો કોઈ પણ કર્મ એની પ્રેરણા થી કરો. ફળ પણ એને જ આપો. તમારે ભાગે આવશે ખુશી, આનંદ, કંઈક કર્યાનો સંતોષ.

કાંઈ પણ બનાવ કરતાં એ બનાવ ને કારણે આવનારા પરિણામની કલ્પના ભયંકર હોય છે. માટે ખોટી કલ્પનાં કરવી નહીં.

સારા વિચારને અમલમાં મુકવામાં રાહ ન જોવી. ખરાબ વિચારને અમલમાં મુકવાની ઉતાવળ ન કરવી. કોઈની સલાહ પ્રમાણે ચાલવામાં જેટલું જોખમ છે એટલુ જ જોખમ કોઈને સલાહ આપવામાં છે. તમારી સફળતા કે નિષ્ફળતા નો આધાર તમે તમારો સમય કેવી રીતે પસાર કરો છો તેના પર છે. સંતાન ને જન્મ આપતા પહેલા સો વાર વિચાર કરજો. એ જવાબદારી તમે માનો છો એટલી સહેલી નથી. લોકોનાં દિલ જીતાય છે. પ્રેમથી ધાક, ધમકી કે દાદાગીરી થી નહીં. રૂપિયા ના ઢગલા થાય છે નસીબ થી ચોરી–ચાલાકી કે ગણતરી થી નહીં. જયાં ત્યાં ભટકયા કરે શું. ઓ જીવ મોક્ષનાં રસ્તા ખુલે છે પ્રાર્થના થી માત્ર ટીલાં ટપકાં કે દાન ધર્મથી નહીં.

પહેલું સુખ તે જાતે નર્યા. છેલ્લુ સુખ તે શાંત જીવે મર્યા. જેટલી બને તેટલી ચાલાકી ઓછી કરો, ઉપરવાળાની મહેરબાની વધારે થશે. કરેલ કર્મનું ફળ અચૂક મળેજ છે. માટે દુઃખ આવે ત્યારે ભગવાન પાસે માફી નહીં. સદ્‌બુધ્ધિ અને સહન શકિત માગો ખીલ ખીલાટ હસતું બાળક મોટું થતાં જ હસવાનું ભુલી જાય છે. બાળક ના ઉછેર માં અને આપણી સમાજ વ્યવસ્થામાં જરૂર કંઈક ગરબડ છે કયારેક તમારી જાતને આટલું જરૂર પુછજો હું જે કાંઈ કરૂ છું એ શુ કામ કરૂ છું ? કોના માટે કરૂ છું ? બરાબર તો કરૂ છું ને ? આ દુનિયાનાં દરેક કામ કરૂ છું ? કોના માટે કરૂ છું ? બરાબર તો કરૂ છું ને ? આ દુનિયાનાં દરેક સબંધો સ્વાર્થ પર જ બંધાયા છે. મારે બને એટલું ઓછું દેવું છે. તમારે બને એટલું વધારે લેવું છે ફેરવી શકાય તો આ ગણિત ફેરવી નાંખો.

આ દુનિયામાં તમારૂ મનુષ્ય તરીકે હોવું માત્ર સૌથી મોટી ખુશીની વાત છે. એ વાત મહત્વની નથી કે તમે પૈસાદાર છો કે ગરીબ, કારણ કે દરેક માણસ નો અંત તો એક સરખો જ છે. મૃત્યું મહત્વની વાત એ છે કે મર્યા બાદ કોણ શું અને કેટલું સાથે લઈ જઈ શકે છે ?

તમે આ ક્ષણે હયાત છો એ માટે ખુબ ખુબ ભાગ્યશાળી છો કારણ કે આ ક્ષણે તમારી જાણ બહાર આ દુનિયા માં લાખો લોકો તેમની જીંદગીનો છેલ્લો શ્વાસ લઈ રહયા છે માટે જીવાય એટલું સારી રીતે જીવન અત્યારે જ જીવી લો મારી તમારી બેદરકારી અને મનની સારી રીતે જીવન અત્યારે જ જીવી લો. મારી તમારી બેદકારી અને મનની નબળાઈને કારણે જ સમાજની આ હાલત થઈ છે.

જેનો ભોગ બીજા કોઈ નહીં મારા તમારા સંતાનો જ બની રહયાં છે.

સમગ્ર વિશ્વમાં અને ઘર આંગણે ચાલી રહેલ ખુન ખરાબા અને અત્યાચાર ને રોકડવા શેરીએ, ગલીએ ને ગામે ગામ શાંતિ–પ્રાર્થના સિવાય કોઈ રસ્તો નથી. જેની શરૂઆત તમારા એકલાથી થાય તો સારૂ.

સૌથી વધારે ખતરનાક છે તાકાત પૈસાની તાકાત, બુધ્ધિની તાકાત, સંઘબળ કે બાહુબળ ની તાકાત, તાકાત નો ઉપયોગ કરવામાં વિવેક રાખજો. તાકાત નો ઉપયોગ, સર્જનાત્મક કાર્યો માટે કરજો.

આજે થયેલ કર્મનું ફળ કદાચ કાલે મળે. કદાચ વરસે કે બે વરસે કે પાંચ વર્ષે પણ મળે કદાચ આ જન્મે નહી તો આવતા જન્મે મળે, કર્મની ગતિ અતિ ગહન છે.

જે શહેર માં સ્ત્રીઓ, બાળકી અને વૃધ્ધ ભીખ માંગે છે એ શહેર ની સામાજીક સંસ્થાઓ એ અને દાનવીરો એ શરમાવા જેવી વાત છે. પતિ–પત્નિ, મા–બાપ, ભાઈ–ભાઈ, ભાઈ–બહેન, દિકરો–દિકરો આ બધા લેણા દેણી ને ઋણાનું બંધની વાત છે. તેને લઈને ઉભા થતાં સુખ દુઃખ તો ભોગવ્યે જ છૂટકો.

એક દિવસ અચાનક બધુ મુકીને ચાલ્યા જવું પડશે. આ વાત જો સાચી હોય તો જરૂર કરતાં વધારે ભેગું કરવાની શું જરૂર છે ?

એવું કયારેય ન માનતા કે તમને જે કાંઈ મળ્યું છે તે તમારી આવડત હોશીયારી કે ચાલાકી થી મળ્યું છે. નજર દોડાવશો તો તમારા જેવા હોંશીયાર લોકો ઘણાં દેખાશે. જેમને આ બધુ નથી મળ્યું.

જો તમને પહેરવા કપડાં, રહેવા ઘર બે વખત ખાવા અન્ન મળતું હોય તો ખરા દિલથી ઉપર વાળાનો આભાર માનજો. આજ દુનિયામાં એવા લાખો લોકો છે જેમને આ બધું નથી મળતું.

આ દુનિયામાં દરેક માણસ એમ સમજે છે કે પોતે ખુબજ ચાલક છે કુદરતની ચાલાકી ની ખબર છે ?

દિવસ ના કલાક ૨૪ જેમાંથી ૮ ઉંઘવાના – ૮ કમાવાના, ૨ બૈરી છોકરાંના, ૨ સગા ને મિત્રોના ૨ ખાવા–પીવાના, ૨ ખોટી ભેજા મારી ના આમાં તમારા કેટલાં ?

*"છે શકિત તુજ હૈયામાં, બીજ નું વટ વૃક્ષ થા,*
*કૈંક બળ્યા જળ્યાનો વિસામો તું જ થા,*
*કેંક બળ્યા જળ્યાનો વિસામો તું જ થા,*
*પ્રગટાવ તારી મેઘાના દીપ અંધારી રાતમાં,*
*ને સ્થાપ તારી પ્રતિભા દુનિયાના દરબારમાં"*

*"પેડકી શોભા પર્ણ સે હોતી હૈ, ઈન્સાન કી શોભા જ્ઞાન સે હોતી હૈ,*
*કેવલ ધનવાન હોને સે કુછ નહી હોતા, ધનવાનકી શોભા દાનસે હોતી હૈ."*

*"સૌ તલસે, સૌ વલખાં મારે, ભારે મોટપ માટે, હોય મોકળો હાથ તે ખરેખર મોટપ ખાટે !"*

**આર. વી. લુહાર – જીરાવાળા**
મીરા–ભાયંદર

# શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓ

- ➪ શ્રી દેવજીભાઈ મુળજીભાઈ વાયા 'વિદ્યાર્થીગૃહ' [બોર્ડીંગ].
- ➪ શ્રીમતી દુધીબેન દામજીભાઈ વાયા 'હુન્નર શાળા ફંડ'.
- ➪ શ્રી કલ્યાણજીભાઈ હરજીભાઈ ચલા અને શ્રીમતી શાંતાબેન કલ્યાણજી ચલા 'પરજીયા પ્રકાશ' નિભાવ ફંડ અંતર્ગત માસિક પ્રકાશન.
- ➪ શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા 'મેડીકલ સહાય ફંડ'
- ➪ શ્રી દામજીભાઈ દેવજીભાઈ વાયા દ્વારા જ્ઞાતિ સમર્પિત 'શ્રી અરવિંદ હોલ'
- ➪ શ્રી દામજીભાઈ દેવજીભાઈ વાયા દ્વારા સ્વ. શ્રી નરસીભાઈ તથા સ્વ. શ્રી ગિરધરભાઈ વાયા સ્મૃતિ અર્થે જ્ઞાતિ સમર્પિત વિશાળ 'કોમ્યુનીટી હોલ'
- ➪ સ્વ.શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા આર્થિક સહાય અને કેળવણી ફંડ દ્વારા જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને 'આર્થિક સહાય'
- ➪ શ્રી જમનાદાસ શામજી ચોકસી 'પુસ્તકાલય' [વાંચનાલય].
- ➪ સ્વ. શ્રી કેશવલાલ મામૈયાભાઈ ચલ્લા અને સ્વ. જમનાબેન કેશવલાલ ચલ્લા 'કન્યા કેળવણી ફંડ'
- ➪ હોસ્પીટલમાં સારવાર માટે આવતાં 'જ્ઞાતિજનોને ઉતારા વ્યવસ્થા'.
- ➪ સાંસ્કૃતિક કાર્યક્રમ/તહેવારો/જ્ઞાતિહિતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન-ઉજવણી
- ➪ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે 'સ્કોલરશીપ સહાય ફંડ'
- ➪ સમુહલગ્ન અને કેળવણી રીઝર્વ ફંડ દ્વારા દર વર્ષે 'સમુહ લગ્નોત્સવ' નું આયોજન

*વધુ સહયોગ આપો...વ્હાલા જ્ઞાતિજનો આપના સ્નેહીજનનાં કોઈપણ પ્રસંગને વધુ યાદગાર સંભારણું બનાવવા આપણી જ્ઞાતિ સંસ્થા જામનગરને જુદા જુદા ફંડમાં દાન–ભેટ આપીને ધન્યતા અનુભવી શકો છો.*

*સંઘે શક્તિ કલૌ યુગે*

સંસ્થાને કોઈપણ ખુશી ભેટ / લવાજમની રકમ મોકલવા માંગતા જ્ઞાતિજનો/સંસ્થાઓ હવે બેંક ઓફ ઈન્ડિયાની કોઈપણ શાખા દ્વારા શાખામાંથી સીધે સીધા સંસ્થાના નીચેના ખાતા નંબરમાં રકમ જમા કરાવી શકે છે. જેથી મનીઓર્ડર કે ડ્રાફટનો ખર્ચ ન કરવો પડે. બેંકની જુદી જુદી શાખાઓનું નેટવર્ક થઈ જતાં Bank of India ની કોઈપણ શાખામાં રૂપિયા ભરી શકાશે અને રૂા. ૨૫૦૦૦/– સુધીની રકમ માટે કોઈપણ ચાર્જ ભરવાનો થતો નથી.

**A/c. No. 325010100026840**

Shri Samast Parajiya Soni Kelavani Mandal-Jamnagar.

Bank of India, Ranjit Road, Jamnagar.

જ્ઞાતિજનોએ પૈસા મોકલાવતી વખતે આ ખાતા નંબર અને સંસ્થાનું નામ લખી સ્લીપમાં પૈસા ભરી પહોંચ મેળવી લેવી અને સંસ્થાને જાણ કરવી જેથી પાકી પહોંચ તરત રવાના કરવામાં આવશે.

**I.T.** ટેકનોલોજીની આ નવી સગવડ દ્વારા સમય, શ્રમ અને પૈસા (બેંક ચાર્જીસ) ની બચત દ્વારા આપણે બચત કરીએ અને સારા કાર્યમાં સહયોગ કરીએ.

**ખજાનચીશ્રી, શ્રી સ.પ.પ.સો.કે. મંડળ–જામનગર.**

With Best Compliments from

SONI

**Soni Dies Makers**

*Manufacturers & Exporters of All Kinds of Jewellery Making Machineries, Dies & Dimound Tools*

**Since Last 30 Years**

**SONI DIES MAKERS**

7-1, Shivalaya Apartment, Opp. MCF Sport Club
Mandpeshwar Gymkhana Road,
BORIWALI (West) MUMBAI - 400 092 INDIA

☎ 0091-22 65704084 / 2890 2668 / 2891 9959
Fax : 0091 - 22 - 2891 3654
E-mail : soniexp@vsnl.com        Web Site : www.sonidies.com

## : અવસાન નોંધ :

**પોરબંદર :** પુષ્પાબેન મોહનલાલ ઘઘડા, ઉ.વ. ૭૫ તે પ્રજ્ઞેશ તથા ઉમેશના માતુશ્રી નું તા.૨૦ના રોજ અવસાન થયેલ છે.

**લંડન :** કમલ રમણીકલાલ ગોવીંદજી દેવજી ઘઘડા (ઉ.વ.૩૯)નું તા.૧૧/૬/૧૧નારોજ અવસાન થયેલ છે.

**ડરબન :** ઓજમબેન મોહનલાલ વાલજી ધાનક (ઉ.વ.૯૨) નું તા.૧૩/૬/૧૧ નારોજ અવસાન થયેલ છે.

**મુંબઈ :** કાંતિલાલ હંસરાજ પરસોત્તમ સતીકુવર(ચરવાળા) (ઉ.વ.૫૪) નું તા.૧૯/૬/૧૧નારોજ અવસાન થયેલ છે.

**દારેસલામ :** નટવરલાલ મોરારજી ગોરધન કાગદડા (ઉ.વ.૭૬) નું તા.૨૪/૬/૧૧ નારોજ અવસાન થયેલ છે.

**નાઈરોબી :** ધુડસીયાવાળા રસીકલાલ ઓધવજી ધાનક (ઉ.વ.૫૬) તે વિશાલના પિતાશ્રી, તથા નંદુરીવાળા મગનલાલ ઓધવજીભાઈ વાયાના ભાણેજ તથા અમુભાઈ તથા કાંતીભાઈ ધાણકના નાના ભાઈ નું તા.૩૦/૬/૧૧નારોજ અવસાન થયેલ છે.

*પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતોના આત્માને ચિર શાન્તિ અર્પે એવી પ્રાર્થના છે.*

**ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ :**